# URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


## અ.મ્યુ.કો.માં હેલ્થ વિભાગમાં અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સ્ટાફ નર્સની ૧૧ માસના કરાર ધોરણે ભરતી કરવા બાબત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેલ્થ વિભાગમાં અર્બન - હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સમય સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી તથા સાંજે ૫.૦૦ વાગ્યા થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી સ્ટાફ નર્સની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા અર્થે તથા પ્રતિક્ષાયાદી બનાવવા માટે સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે .માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૫/૦૭/૨૦૨૪ થી તા.૧૨/૦૭/૨૦૨૪ સુધીમાં સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધી આરોગ્યસાથી (HRMS) સોફ્ટવેરની લિન્ક https://arogyasathi.gujarat.gov.in/ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે .સદર પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉમર અંગેની સ્પષ્ટતા, ઉચ્ચક માસિક મહેનતાણું તથા અનુભવની અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા ની સંખ્યા | ઉચ્ચક માસિક વેતન | ઉંમર | જરૂરી શૈક્ષણિક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ (U-HWC) | ૬૦ | રૂ.૨૦,૦૦૦/- | ૪૫ વર્ષ | ૧. ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય કરેલ સંસ્થામાંથી BSC (Nursing) અથવા ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગ અને મિડવાઈફરી પાસ થયેલ હોવા જોઈએ.<br>૨. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન હોવું જોઈએ. | ૧. સરકારી/ અર્ધસરકારી/ કોર્પોરેશનમાં કામગીરીનો અનુભવ ધરાવનાર ઉમેદવાર તથા સરકાર માન્ય સંસ્થાનું બેઝિક કોમ્પ્યુટર સર્ટિફિકેટ ધરાવનારને અગ્રતા આપવામાં આવશે. |

**શરતો**

- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્દ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહી.

# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂંક તદ્દન હંગામી ધોરણે ખાતાની જરૂરિયાત સુધીના સમયગાળાની રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થયેથી દિન ૦૧ નો બ્રેક આપી તેઓનો કરાર વધુમાં વધુ ૧૧ માસ અથવા ખાતાની જરૂરિયાત સુધી રીન્યુ કરવામાં આવશે.
- પસંદગી થયેલ ઉમેદવારે ધી અર્બન હેલ્થ સોસાયટીના વખતો વખત નક્કી થતાં ધારા ધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.
- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હકક દાવો રહેશે નહી.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- સ્ટેટ હેલ્થ સોસાયટી, ગાંધીનગર દ્વારા વખતો વખત મળતી સૂચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહીં.
- ઉમેદવારની નિમણૂક અંગે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સૂચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરી થી તેમ સુધારો કરવામાં આવશે.

**મેમ્બર સેક્રેટરી**
**ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ**